JSW Colouron+ · ISC · durashine · TATA SHAKTEE
ALEVATE
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ નોમ શુક્રવાર ૨૧ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૫
પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# નીટ આંદોલનઃ પોલીસ દમનની તપાસ માટેની સમિતિ જાહેર

## શીખ વિરોધી રમખાણોના દોષિત પૂર્વ કોંગ્રેસ સાંસદ સજ્જન કુમારનું 80 વર્ષની વયે નિધન



**તિહાર** જેલમાં હતા, પેરોલ માટે સુપ્રીમમાં સુનાવણી હતી એ જ દિવસે નિધન

**નવી દિલ્હી, તા. 20 (PTI).** 1984ના શીખ વિરોધી રમખાણોના સંબંધમાં બે આજીવન કેદની સજા ભોગવી રહેલા કોંગ્રેસના વિવાદાસ્પદ પૂર્વ સાંસદ સજ્જન કુમારનું ગુરુવારે અહીં 80 વર્ષની વયે નિધન થયું છે. આ જ દિવસે તેમની બીમાર પત્નીના સ્વાસ્થ્યના આધારે ત્રણ અઠવાડિયાના મેડિકલ જામીન (પેરોલ) માંગતી અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાવાની હતી.

લોકસભાની વેબસાઇટ પર તેમની પ્રોફાઇલ અનુસાર, કુમારના પરિવારમાં તેમની પત્ની, બે પુત્રીઓ અને એક પુત્ર છે.

તેમના અંતિમ સંસ્કાર શુક્રવારે અહીં થશે.

તેમની માનસિક સ્થિતિ ઠીક ન હોવાથી કુમારને તિહાર જેલમાંથી સવારે 11 વાગ્યાની સફદરજંગ હોસ્પિટલમાં પોલીસ દ્વારા લાવવામાં આવ્યા હતા.

હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "... તેમને તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા હતા અને બચાવવાના કોશિશ કરવામાં આવી હતી."

નિવેદનમાં કહેવાયું છે કે, "તમામ જરૂરી તબીબી અને જીવન-રક્ષક ઉપાયો પૂરા પાડવા છતાં તેમને બચાવી શકાયા ન

...અનુસંધાન પાના 15 પર

**જસ્ટિસ** આર. સુભાષ રેડ્ડીની અધ્યક્ષતામાં HPEC કરશે તપાસ; પેલેટ ગનનો ઉપયોગ, મહિલાઓની છેડતી, જાહેર સંપત્તિનું નુકસાન અને વળતર મુદ્દે સોંપશે વચગાળાનો અહેવાલ

**CCTV** અને ડ્રોન ફૂટેજ સહિત તમામ રેકોર્ડ સાચવીને HPECને સોંપવા નિર્દેશ

### સમિતિમાં કોનો કોનો સમાવેશ?

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ આર. સુભાષ રેડ્ડી આ સમિતિના વડા રહેશે. સમિતિમાં પંજાબ અને હરિયાણા હાઇકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ રવિ શંકર ઝા, દિલ્હી હાઇકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ શાલિન્દર કૌર, ભૂતપૂર્વ સીબીઆઈ ડિરેક્ટર ઋષિકુમાર શુક્લા અને મેઘાલયના નિવૃત્ત ડીજીપી એલ. આર. બિશ્નોઈનો પણ સમાવેશ

### ફરિયાદો, પુરાવા નામ આપ્યા વિના પણ રજૂ કરી શકાશે

અદાલતે તમામ પક્ષકારોને HPEC નો સંપર્ક કરવાની અને તેમને યોગ્ય લાગે તેવા સંબંધિત દસ્તાવેજી પુરાવા અને સૂચનો રજૂ કરવાની સ્વતંત્રતા આપી છે. ફરિયાદકર્તાઓ અને સાક્ષીઓની ઓળખ છતી ન થાય અને તેઓ સુરક્ષિત રહે તે માટે ફરિયાદો, રજૂઆતો અને પુરાવા નામ આપ્યા વિના આપવાની પણ છૂટ આપવામાં આવી છે.

**નવી દિલ્હી, 20 (PTI):** સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં તાજેતરમાં વિદ્યાર્થી વિરોધ પ્રદર્શકો સામે પોલીસ દ્વારા કરવામાં આવેલી અતિશય બળપ્રયોગની ફરિયાદો અને પોલીસ કર્મચારીઓ સામે થયેલી હિંસાની તપાસ કરવા માટે સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડીના અધ્યક્ષપદે પાંચ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની ખંડપીઠે આજે આ સમિતિની જાહેરાત કરી હતી સમિતિને પોલીસ દ્વારા પેલેટ ગનના ઉપયોગ સહિત વિરોધ પ્રદર્શકો સામે અતિશય બળપ્રયોગ અને હિંસા, તેમજ વિરોધ પ્રદર્શકો દ્વારા પોલીસ અધિકારીઓ અને અન્ય સુરક્ષાકર્મીઓ સામે કરવામાં આવેલી હિંસાની તપાસ કરવા માટે જણાવવામાં આવ્યું છે. સમિતિમાં હાઈકોર્ટોના બે નિવૃત જજો, ભૂતપૂર્વ સીબીઆઈ ડિરેક્ટર અને એક નિવૃત ડીજીપીનો સમાવેશ કરાયો છે.

સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે સાવચેતીના ભાગરૂપે, હાઇ પાવર્ડ ઈન્ક્વાયરી કમિટિ(HPEC) દ્વારા કરવામાં આવતી આ તપાસ માત્ર એક વખતની પ્રક્રિયા નહીં રહે. કોર્ટે સમિતિને આ મુદ્દાઓનું સતત અને સમયાંતરે મૂલ્યાંકન કરવા અને સમયાંતરે તેના વચગાળાના અહેવાલો સબમિટ કરવા જણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે ભલામણ કરી હતી કે HPEC એ ચોક્કસ મુદ્દાઓને પ્રાથમિકતાના આધારે ઉકેલવા જોઈએ, જેમાં સૌથી મહત્વનો મુદ્દો મહિલા પ્રદર્શનકારીઓ સામે લક્ષ્યાંકિત હિંસા, ઉત્પીડન અને છેડતીની ઘટનાઓનો છે.

અદાલતે જણાવ્યું હતું કે, HPEC પ્રદર્શનકારીઓ કે પોલીસ કર્મચારીઓ- બંને પક્ષે ઈજાગ્રસ્ત થયેલા લોકોને વચગાળાનું વળતર આપવાના મુદ્દાની પણ તપાસ કરી શકે છે. સર્વોચ્ચ અદાલતે HPECને વિરોધ પ્રદર્શન દરમિયાન પ્રદર્શનકારીઓની પ્રવૃત્તિઓથી જાહેર સંપત્તિને થયેલા નુકસાન અંગે પણ અહેવાલ આપવા જણાવ્યું છે. આમાં સરકારી મકાનો, વાહનો અને રાજ્ય તેમજ ખાનગી નાગરિકોની સંપત્તિના વિનાશ અને નુકસાનનો સમાવેશ થાય છે.

પોતાની ફરજ બજાવતી વખતે પોલીસ દળોને થયેલી ઈજાઓ અને તેમના પરિવારો દ્વારા સહન કરવામાં આવેલા માનસિક અને ભાવનાત્મક આઘાતને પણ અરજદારો દ્વારા રજૂ કરાયેલી ફરિયાદોની સમકક્ષ જ ગણતરીમાં લેવા અને વિચારણા કરવા યોગ્ય છે. કોર્ટે પક્ષકારો વચ્ચે વધુ સારા સંવાદ માટે એડવોકેટ આશિમા મંડલા, દક્ષ કડિયાણ અને આસ્થા સિંહની નોડલ ઓફિસર તરીકે નમણૂક કરી છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે પોલીસ, અર્ધલશ્કરી દળો અને અન્ય તપાસ એજન્સીઓને વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન સંબંધિત તમામ સીસીટીવી ફૂટેજ, ડ્રોન ફૂટેજ, બોડી-વોર્ન કેમેરા રેકોર્ડિંગ, વિડિયોગ્રાફી, વાયરલેસ કમ્યુનિકેશન રેકોર્ડ્સ અને પીસીઆર કોલ લોગ્સ સાચવવાનો, તમામ રેકોર્ડ HPECને સોંપવાનો અને પૂર્ણ સહયોગ આપવાનો નિર્દેશ આપ્યો છે.

જેવા સાથે તેવા

## પાકિસ્તાન હાઈકમિશન બહારના ગેરકાયદે બાંધકામો પર દિલ્હીમાં ફર્યું JCB



**ઇસ્લામાબાદમાં** ભારતીય મિશનની બહાર પાર્કિંગના થાંભલાઓ તોડી પડાયા તેના જવાબમાં ભારતનું વળતું પગલું

**નવી દિલ્હી, ૨૦ ઓગસ્ટ (PTI):** પાકિસ્તાને આ અઠવાડિયે ઇસ્લામાબાદ સ્થિત ભારતીય મિશનની બહારથી પાર્કિંગના થાંભલાઓ હટાવી લીધા બાદ, તેના જવાબી પગલાંરૂપે રાષ્ટ્રીય રાજધાનીમાં આવેલા પાકિસ્તાન હાઈકમિશનની બહારના કેટલાક અનધિકૃત બાંધકામોને અધિકારીઓ દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા.

સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું કે, આ બાંધકામો હાઈકમિશનની મંજૂર કરાયેલી સીમા બહાર હોવાનું માલૂમ પડતાં આ તોડી પાડવાની કામગીરી કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંબંધિત એજન્સીઓ દ્વારા જેસીબી મશીનનો ઉપયોગ કરીને આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન કમ્પાઉન્ડની બહારની ગલીમાં ઊભા કરવામાં આવેલા બાંધકામો અને બેરિકેડ્સ, જેમાં વિઝા સેક્શન નજીક લાઇન-મેનેજમેન્ટ માટે કરાયેલા બાંધકામોનો પણ સમાવેશ થાય છે, તેને હટાવી દેવામાં આવ્યા હતા.

દ્રશ્યોમાં જોવા મળ્યું હતું કે તોડી પાડવાની આ કાર્યવાહી બાદ મિશનની બહાર કાટમાળનો ઢગલો થઈ ગયો હતો. પાકા રસ્તા પર તૂટેલી ધાતુની રેલિંગ અને ગેટ, વળેલા ધાતુના ફ્રેમ, છતના પતરાં, ઈંટો અને કોંક્રિટ તેમજ પ્લાસ્ટરના ટુકડાઓ વેખરાયેલા પડ્યા હતા. આ ઉપરાંત, ઘટનાસ્થળના દ્રશ્યોમાં બહારના બાંધકામનો કેટલોક હિસ્સો સંપૂર્ણપણે તોડી પાડવામાં આવેલો દેખાતો હતો, જેમાં પતરાંની છત અને સફેદ ધાતુની ફેન્સિંગ શામેલ છે. સર્વિસ વિન્ડોઝની આસપાસનો આગળનો ભાગ

...અનુસંધાન પાના 15 પર

### દિલ્હી ડાયરી



**મલ્લિકાર્જુન ખડગેની વેદના**

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પક્ષના 'ગુસ્સાવાળા વૃદ્ધ પુરુષ' (એન્ગ્રી ઓલ્ડ મેન) છે. મૂળથી જ લડાયક અને અનુભવી એવા આ સંઘર્ષશીલ નેતા ઉત્તરાખંડમાં જ્યાં તેમણે જાહેરસભા સંબોધી હતી, તે જગ્યાનું સંઘ પરિવર્તન-ભાજપના કાર્યકરો દ્વારા 'શુદ્ધિકરણ' કરવામાં આવ્યા બાદ અત્યંત દુઃખી છે. સ્વાભાવિક રીતે, ખડગેની અનુસૂચિત જાતિ (એસસી) સ્થિતિને ધ્યાનમાં રાખીને જ આ કરવામાં આવ્યું હતું. આ મુદ્દો સૌપ્રથમ સંસદમાં ગૂંજ્યો હતો, જ્યાં ખડગેએ આગળ વધીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના શાસક પક્ષને નિશાન બનાવ્યો હતો. આ પછી બુધવારે યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબ્લ્યુસી)ની બેઠકમાં પણ તેનો ઉલ્લેખ થયો હતો. જોકે, ખડગેના જણાવ્યા મુજબ, સીડબ્લ્યુસી દ્વારા કરવામાં આવેલી ટીકા અને નિંદા તેટલી તીખી અને વ્યાપક નહોતી જેટલી તેઓ ઇચ્છતા હતા. બેઠકમાં તેમણે પોતાની વ્યક્તિગત વેદના

...અનુસંધાન પાના 15 પર

## અમેરિકી ધાર્મિક સ્વાતંત્ર્ય સંસ્થા RSS પર પ્રતિબંધની માગણી કરે છે

**આ સંગઠનના** નેતાઓને રાજદ્વારી સન્માન ન આપવા અને તેમની સાથે બેઠકો નહીં યોજવા ભલામણ કરી

**આરએસએસ** વડા મોહન ભાગવતના યુએસ પ્રવાસ પહેલા વિવાદ મોહન ભાગવતની મુલાકાત રોકવા અપીલ

**વૉશિંગ્ટન, તા. 20 (PTI):** ધાર્મિક સ્વતંત્રતા અંગેની એક અમેરિકી સલાહકાર સંસ્થાના અધિકારીઓએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે અને અમેરિકન સરકારને તેના નેતાઓને રાજદ્વારી શિષ્ટાચાર ન આપવા અથવા તેમની સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો ન યોજવા અપીલ કરી છે.

યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ(USCIRF)ના અધ્યક્ષ આસિફ મહમૂદે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આરએસએસના સભ્ય છે, જેને તેમણે એક છત્ર સંગઠન તરીકે વર્ણવ્યું હતું જેના પેટા-જૂથોએ ધાર્મિક અલ્પસંખ્યકો પર હુમલા કર્યા છે. મહમૂદની આ ટિપ્પણી 29 ઓગસ્ટે ન્યૂયોર્કમાં 'અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ'(AHEAD) દ્વારા આયોજિત 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન્સ'માં ભાગ લેવા માટે આરએસએસ વડા મોહન ભાગવતના અમેરિકા પ્રવાસના અઠવાડિયાઓ અગાઉ આવી છે.

USCIRFના કમિશનર જીન મિલ્સે જણાવ્યું હતું કે આરએસએસના નેતાઓ, ભલે તેઓ ભારતીય સરકાર સાથે જોડાયેલા હોય, તેમને ઉચ્ચ સ્તરીય બેઠકો અથવા રાજદ્વારી શિષ્ટાચારથી સન્માનિત ન કરવા જોઈએ. મિલ્સે કહ્યું કે અમેરિકી સરકાર ધાર્મિક માન્યતાની સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે જવાબદાર માલૂમ પડેલા આરએસએસ સભ્યો પર પ્રતિબંધો લાદવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. USCIRF એ તેના X એકાઉન્ટ પર મહમૂદ અને મિલ્સની ટિપ્પણીઓ પોસ્ટ કરી હતી. મહમૂદે જણાવ્યું, ભારતના વડાપ્રધાન મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના સભ્ય છે, જે એક ભારતીય છત્ર સંગઠન છે અને જેના પેટા-જૂથોએ

...અનુસંધાન પાના 15 પર

## પાકિસ્તાનમાં ચીન-તુર્કીના લશ્કરી વિમાનોની મોટી હલચલ

**રાવલપિંડીના** નૂરખાન એરબેઝ અને કરાચીના મસરૂર એરબેઝ પર 60 કલાકમાં જંગી શસ્ત્રો ઉતારાયાનો દાવો

**ડ્રોન,** ડિફેન્સ સિસ્ટમ્સ અને 'KAAN' ફાઈટર પ્રોજેક્ટમાં ભાગીદારીથી સુરક્ષા ચિંતા વધી; ભારત સાવધ




**નવી દિલ્હી, તા. 20.** પાકિસ્તાનમાં ચીન અને તુર્કીથી લશ્કરી વિમાનોની અવરજવરમાં નોંધપાત્ર વધારો થવાના અહેવાલો સામે આવ્યા છે. આ સાથે જ ઈસ્લામાબાદને લશ્કરી શસ્ત્રો અને સરંજામ ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાની નવી શંકાઓ પેદા થઈ છે. સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, આશરે 60 કલાકના સમયગાળા દરમિયાન ભારે લશ્કરી ટ્રાન્સપોર્ટ વિમાનોએ પાકિસ્તાની એરબેઝ પર વારંવાર ઉડાન ભરી હતી.

એક ઉચ્ચ સુરક્ષા સ્ત્રોતના જણાવ્યા મુજબ, ચીની લશ્કરી વિમાનો રાવલપિંડી પાસે આવેલા પાકિસ્તાનના નૂર ખાન એરબેઝ અને કરાચીના મસરૂર એરબેઝ પર લેન્ડ થતા જોવા મળ્યા હતા.

આ વધેલી ગતિવિધિઓમાં તુર્કીના લશ્કરી ટ્રાન્સપોર્ટ વિમાનો પણ સામેલ હોવાના અહેવાલ છે. સૂત્રોએ દાવો કર્યો હતો કે વિમાનોની આ અવરજવર ડ્રોન અને અન્ય સંરક્ષણ સામગ્રી સહિતના લશ્કરી ઉપકરણોના પરિવહન સાથે જોડાયેલી હતી. આ અહેવાલ પાકિસ્તાન, ચીન અને તુર્કી વચ્ચે સતત મજબૂત થઈ રહેલા સંરક્ષણ સંબંધોની પૃષ્ઠભૂમિમાં આવ્યો છે.

પાકિસ્તાન લાંબા સમયથી લડાયક વિમાનો, એર-ડિફેન્સ સિસ્ટમ્સ અને માનવરહિત પ્લેટફોર્મ સહિતના સૈન્ય હાર્ડવેર માટે ચીન પર નિર્ભર રહ્યું છે. ગયા વર્ષે ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલી સૈન્ય અથડામણ પછી આ સંબંધો વધુ ગાઢ બન્યા છે, જેમાં

...અનુસંધાન પાના 15 પર

## ઈરાન સામે વ્યાપક આર્થિક પ્રતિબંધોની અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત

**ઇરાનને** આર્થિક રીતે વિશ્વથી કાપી નાખવા માટેની વ્યુહરચના જાહેર

**જે દેશો,** સંસ્થાઓ, કંપનીઓ ઇરાનને મદદ કરશે તેમની સામે અમેરિકાના આર્થિક પ્રતિબંધો આવશે

### ટ્રમ્પની ધમકી ઇરાને હસી કાઢી

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના વરિષ્ઠ અધિકારી બ્રિગેડિયર જનરલ રઝા નકદીએ જણાવ્યું કે, અમેરિકી પ્રમુખની વાતો કરતાં વધુ ભરોસો કોઈ ટેક્સી ડ્રાઇવરની વાત પર કરી શકાય છે. નકદીએ ઉમેર્યું કે પ્રમુખ ટ્રમ્પની વિચારણા બાળબુદ્ધિ જેવી છે અને તેઓ લાંબા ગાળાનું વિચારી શકતા નથી. તેમના બદલાતા નિવેદનોથી અમેરિકાની વૈશ્વિક છબી પર અસર પડી છે. બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ટ્રમ્પની આ નવી આર્થિક કાર્યવાહીને નિષ્ફળ ગણાવી છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો ઈરાન પર કોઈ અસર નહીં કરી શકે.

**વૉશિંગ્ટન, તા. 20:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે અત્યાર સુધીની સૌથી મોટી આર્થિક કાર્યવાહીની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે ઈરાને સમજૂતી કરવાની તક ગુમાવી દીધી છે. હવે તેને આર્થિક રીતે અલગ-થલગ કરવામાં આવશે.

ટ્રમ્પે ચેતવણી આપી છે કે ઈરાનને મદદ કરનારા દેશો અને સંસ્થાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. જેમાં બેંકો, કંપનીઓ, એરપોર્ટ અને સરકારી સંસ્થાઓ સામેલ છે. તેમણે તેલની તસ્કરી નેટવર્ક પર કાર્યવાહી કરવા અને કેશ ટ્રાન્સફર, કરન્સી એક્સચેન્જ, જહાજોના રજીસ્ટ્રેશન તેમજ બોગસ કંપનીઓ દ્વારા ઈરાન સુધી પહોંચતી આર્થિક મદદને

...અનુસંધાન પાના 15 પર

## JPSC પરીક્ષાઓ રદ કરવાના ઝારખંડ સરકારના આદેશ પર હાઈકોર્ટનો સ્ટે

**આ પરીક્ષાઓના** સફળ ઉમેદવારો નોકરી જવાના ભય સામે રક્ષણ માટે હાઇકોર્ટમાં ગયા હતા

**હાલ સરકારનો** આદેશ સ્થગિત, અરજદારોને ફરીથી નોકરીએ ચડવાની પણ મંજૂરી

**રાંચી, તા. 20 :** ઝારખંડ હાઈકોર્ટે ઝારખંડ લોકસેવા આયોગ(JPSC) દ્વારા આયોજિત બે ભરતી પરીક્ષાઓ રદ કરવાના રાજ્ય સરકારના આદેશ પર રોક લગાવી દીધી છે, જેનાથી સરકારના આ નિર્ણયને પડકારનારા ઉમેદવારોને રાહત મળી છે. અદાલતે 11મી થી 13મી JPSC પરીક્ષાઓ અને ફૂડ સેફ્ટી ઓફિસર(FSO) પરીક્ષા સંબંધિત અરજીઓ પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. કોર્ટે રાજ્ય સરકારને 15 દિવસની અંદર કાઉન્ટર-એફિડેવિટ સાથે પોતાનો જવાબ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે.

હાઈકોર્ટના આ વચગાળાના આદેશનો અર્થ એ છે કે પરીક્ષાઓ રદ કરવાનો સરકારનો નિર્ણય આગળની કાર્યવાહી સુધી સ્થગિત રહેશે. અદાલતે આપેલા નિર્દેશો મુજબ, બંને પરીક્ષાઓ સાથે જોડાયેલા અરજદારોને તાત્કાલિક અસરથી ફરીથી કામ શરૂ કરવાની મંજૂરી પણ આપવામાં આવશે. હાઈકોર્ટનો આ હસ્તક્ષેપ ઝારખંડ સરકારે JPSC, ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન (JSSC) અને એક આઉટસોર્સ એજન્સી દ્વારા 2014થી લેવાયેલી 22 ભરતી પરીક્ષાઓ રદ કરવા અને અન્ય 23 પરીક્ષાઓની તપાસ

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૦-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૮ સે. | ૨૬.૬ સે. | ૬૭% |